# ગાંધીનગર કયા મુદ્દા પર મતદાન કરશે

## મોંઘવારી, બેરોજગારી, મોંઘુ શિક્ષણ, ટ્રાફિક સમસ્યા, જૂની-પેન્શન બન્યા ટોપ-૫ મુદ્દાઓ

ગાંધીનગર, તા. ૨૦

દર પાંચ વર્ષે ચૂંટણી થાય છે અને રાજકીય પક્ષ લલચામણા વાયદાથી જનતાને રીઝવવાના પ્રયાસો કરે છે. પણ આ ઘોષણા પત્રોમાં દરેક ક્ષેત્રના ખરા મુદ્દા અદ્રશ્ય હોય છે. ત્યારે આ વખતે ગાંધીનગર સમાચારે ગાંધીનગરની જનતાને તેમને સ્પર્શતા મુદ્દા અંગે સવાલ પૂછ્યાં હતા. જેમાં મોટાભાગના લોકોએ પોતાનો મત કયા કયા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને આપશે તે મુદ્દા પર મોંઘવારી અને બેરોજગારીને સૌથી મહત્વનો મુદ્દો ગણાવ્યો છે. ઉપરાંત યુવા મતદારોએ તેમના મતવિસ્તારના ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત, ઉમેદવારોની જનતા પ્રત્યેની ભાવના, પ્રજાના હિતમાં દરેક નિર્ણય લેવાય તેવા ઉમેદવારની પસંદગી થશે માત્ર પક્ષને ધ્યાનમાં નહિ લેવાય. ઉમેદવાર કેવા છે. તેની લાયકાત અને કામગીરીઓ જોતા યુવાવર્ગ વિધાનસભાની ચૂંટણીમાં મત આપવાનું પસંદ કરી રહ્યા છે. ગાંધીનગરમાં મહિલાઓ મહિલા સલામતી, મોંઘવારી, વિકાસ, શિક્ષણ વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને જે તે પક્ષને વોટ આપશે. સિનિયર સિટિજનો પેન્શન બાબત, રાષ્ટ્ર ગૌરવ, રાષ્ટ્ર સુરક્ષા, રાષ્ટ્રીય એકતાને ધ્યાનમાં રાખીને મત આપવાના મુડમાં છે.



કોઈ પક્ષ અથવા નાત જાત પર ધ્યાન ના આપી એવા ઉમેદવાર ને વોટ આપવો જે ખરા અર્થ માં લોકશાહી ની કદર કરે, તથા ભૂતકાળ મા માત્ર ખોટા વચન નહિ પરંતુ પ્રજા લક્ષી કાર્ય કરેલ હોય, પ્રત્યેક વોટ નું મહત્તમ મહત્ત્વ સમજી ને મતદાન કરી દેશ ના ઘડતર માં યોગદાન આપીયે.

**દિવ્યરાજસિંહ ચાવડા**



હું મારો વોટ રાષ્ટ્રગૌરવ, રાષ્ટ્ર સુરક્ષા, રાષ્ટ્રીય એકતા અને રાજયનો વિકાસ કરે તે પક્ષ કે વિચારધારાને મત આપવાનો છું.

**દિનેશભાઇ વ્યાસ (સેવાનુરાગી)**



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ની મર્દાનગી,હિન્દુત્વ, રાર્ષ્ટ્રની સલામતી ને ધ્યાને લઈ હું મારો કિંમતી મત આપીશ

**જીલુભા ધાંધલ**



કોઈ વાયદા કામ નહીં કરે, જનતાએ લીધેલા લાભ જોવાશે, આરોગ્ય, શિક્ષણ, આવાસ યોજના જેવા લાભો જોવાશે

**કાર્તિક જાની (પત્રકાર, ગાંધીનગર )**



યુવાનો ને રોજગાર મળે એક ઉત્તમ તક મળવી જોઈએ એ પણ પ્રાઈવેટ સેકટર માં આજનો યુવાન સારી અને ઉત્તમ કમાણી મેળવી શકે જેથી દેશ ની ઈકોનોમીની સ્થિતિ માં સારો સુધારો આવી શકે.

**પૂર્વી પટેલ**



કલા ક્ષેત્ર માં લોકોને આગળ આવવા માટે એક ઉત્તમ પ્લેટ ફોર્મ મળવું જોઈએ.કલા ક્ષેત્ર માં યોગ્ય વ્યવસ્થાઓ થવી જોઈએ જેથી લોકો આ ફિલ્ડ માં આગળ આવી પોતાના સ્વપ્ન સાકાર કરી શક્શે.

**નિકુંજ મિસ્ત્રી**



મોંઘવારી,પ્રાથમિક જરૂરિયાત, મેડિકલ સુવિધા, શિક્ષણ ફી,
બેરોજગારી,ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓ ને ધ્યાન માં રાખીને હું આ વખતે મત આપવાનો છું.

**મનહર ચાવડા**



મહીલા સલામતી ,મોંઘવારી ,વિકાસનો મુદ્દો ધ્યાનમાં રાખી હું મારો અમૂલ્ય મત આપીશ

**અલકા બ્રહ્મભટ્ટ**



સલામતી ,રોજગારી ,આર્થિક વિકાસ, મોંઘવારી, આરોગ્ય સુવિધાઓને ધ્યાનમાં રાખી હું આ વર્ષે ચુંટણીમાં મત આપીશ.

**ગૌતમ બ્રહ્મભટ્ટ**



સમાજ માં મુખ્ય જરૂરિયતમંદોને શિક્ષણ પૂરું પાડવાના પ્રયત્નો કરનાર, દેશમાં ચલતા દુષણો દૂર કરી એક શ્રેઠ ભારત નું નિર્માણ માટે ના પ્રયત્નો કરનાર દેશ ને યોગ્ય દિશા માં લઈ જનાર ને મારો મત દેશના ગૌરવને.

**ધિરેન ચૌધરી**



મોંધવારી,આરોગ્ય, શિક્ષણ અને બેરોજગારી ના મૂદ્દાને ધ્યાન માં રાખીને મત આપવામાં આવશે.

**ચંદ્રકાંત સોની**



ઉમેદવારની શૈક્ષણિક લાયકાત, ઉમેદવાર ની જનતા પ્રત્યે ની ભાવના અને જે વ્યક્તિ તમારા વિસ્તાર માંથી ચુંટણી લડવાના છે તે ખરેખર નેતા બનવા યોગ્ય છે કે નહિ અને શું તે તમારા વિસ્તાર ના પ્રતિનિધિ બન્યા બાદ વિધાનસભામાં જઈ ને તમારા વિસ્તારના પ્રશ્નો વિશે સરકારના કાન મરડી શકશે કે નહિ આ બધા મુદ્દા ધ્યાન માં રાખી ને વોટ કરવો જોઈએ.. અને હા ખાસ વાત એ કે મત આપતી વખતે ક્યારેય જાતિવાદ કે જ્ઞાતિવાદ ને મહત્વ ન આપવું જોઈએ.

**રાજન બી ઠક્કર (યુવા આગેવાન)**



જ્ઞાતિવાદ નું સમીકરણ નઈ દેખાય,વિકાસ,ડેવલપમેન્ટ અને ઈન્ફરાસ્ટ્રક્ચર,બેરોજગારી જેવા મુદ્દાઓ ને ધ્યાન માં રાખીને મત આપવાનો છું.

**પાર્થ ભાવસાર**



જ્ઞાતિવાદ નું સમીકરણ દેખાશે, મોંઘવારી નો મુદ્દો, શિક્ષણ,બેરોજગારી નો મુદ્દો ધ્યાનમાં રાખવામાં આવશે.

**ઊર્મિલ ચૌહાણ**



સૌ પ્રથમ જનતા નો અવાજ જે રીતે દબાવાવમાં આવી રહ્યો છે અને લોકશાહીનું હનન થઈ રહ્યું છે એ નાં થવું જોઈએ. બીજી મુખ્ય વાત બેરોજગારી છે.. યુવાનો નોકરી (સરકારી/ પ્રાઈવેટ) નાં મળવા ને કારણે અંદરો અંદર તૂટી રહ્યા છે નોકરીની તકો વધારવી પડે. ત્રીજી મુખ્ય વાર્તજ અને ફિક્સ પે નાબૂદી છે નોકરી મળ્યા બાદ પણ ફિક્સ પે માં નોકરી કરવી અને પરિવારની જવાબદારી ફિકસ પે માં પૂરી થઈ શકે એમ નથી . હું કોઈ પાર્ટી ને સપોર્ટ નથી કરતો મારું એવું માનવું છે કે ગરીબ માં ગરીબ વ્યક્તિ ને શિક્ષણ ફ્રી માં મળી રહે જેથી એમનો પણ વિકાસ થાય. અને આરોગ્ય માં દરેક એ દરેક જિલ્લા માં સારામાં સારી સુવિધા હોવી જોઈએ. ગુજરાત ભારત માં એક સમૃદ્ધ રાજ્ય છે ગુજરાત સરકાર ઈચ્છે તો હજુ સુવધા માં વધારો કરી શકે. મોંઘવારી સૌથી મોટો મુદ્દો છે જેના કારણે અત્યારે ગરીબ અને મધ્યમ વર્ગને જીવવું મુશ્કેલ થઈ રહ્યું છે.. આ વખતે લોકો ધર્મ અને જાતિ ની રાજનીતિ છોડી બીજા મુદ્દાઓ વિશે વિચારે છે એ જોઈને ઘણો આનદ પણ થાય છે.

**હિમાંશુ સુતરીયા**



આજના સ્પર્ધાત્મક યુગમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ ઝડપી પ્રકિયા તેમજ પારદર્શક રીતે લેવાય અને સમયસર આયોજપૂર્વક લેવામાં આવે એવી વ્યવસ્થા કરનાર સરકાર જો ખાતરી આપતી હોય અને પેપર ફૂડનારને વ્યક્તિ ઓછામાં ઓછી ૧૦ વર્ષની જેલ તેમજ વિવિધ અલગ નિયમો સાથે કાયદો બનવામાં આવે તેમજ દરેક વ્યક્તિની સરકારી નોકરી મળી શકે એમ નથી પણ એ આપણે જાણીએ છીએ યુવાઓને સ્ટાર્ટઅપ કરવા પ્રોત્સાહન આપનાર તેમજ લોન આપીને પગભર કરવામાં મદદરૂપ થાય એવી સરકાર દ્વારા વ્યવસ્થા કરવામાં આવે સાથે સાથે આજે દરેક જગ્યા પર ભ્રષ્ટાચારએ ઘર કરીને લીધું છે તેની સામે પગલાં લેવામાં આવે.હું એવા ઉમેદવાર ને મત આપીશ જે જનતા માટે કામ કરશે.

**જયેશ માલીવાડ**



માર્ગો ઠીક કરો અને શિક્ષણ વ્યવસ્થા સારી કરો સાથે જ ટ્રાફિક સમસ્યા અને સ્ટ્રીટ લાઈટ ના મુદ્દા ધ્યાન માં રાખીશ અને મત આપીશ.

**માનસી સોની**




પેપર ફૂટવા પર કાયદો બનાવે તેમજ રોજગાર આપવા માટે યોજના બનાવે સરકારી ભરતી સમયસર કરે તેમજ એનું કાર્યકમ જાહેર કરે વિવિધ યોજનાઓ વ્યવસ્થિત નાના માણસ સુધી પહોંચાડવા વ્યવસ્થા કરે એવા વ્યક્તિ હું વોટ આપીશ.

**આયુષકુમાર ગામીત**



સરકારી ભરતી સમયસર થાય તથા શહેરની સાથે સાથે દરેક ગામડાઓ પણ દરેક સુવિધાઓ લોકો ને મળી તેમજ અમારા વિસ્તારમાં સરકારી દવાખાના તેમજ પૂરતાં સ્ટાફ મૂકવામાં આવે,ખાસ કરીને અમારા વિસ્તારમાં સિંચાઈ માટે પાણીની વ્યવસ્થા કરે તેમજ વિવિધ સમાજના દરેક પ્રશ્નોને વિધાનસભા સુધી લઈ જાય એવા જનનેતા હું વોટ આપીશ.

**ઉર્પિત ખાંટ**



હું એક વિદ્યાર્થી હોવાના નાતે એટલું જ કહીશ કે પરીક્ષાઓમાં પેપરો ફૂટે છે તો બંધ થવું જોઈએ અને આવું કરનાર ને સજા મળવી જોઈએ જેથી વિદ્યાર્થીઓને યોગ્ય ન્યાય મળે. માંડવી હોનારત થઈ એમાં તંત્ર એ જવાબદાર વ્યક્તિ ના બદલે નિર્દોષ મજુરોને પકડ્યા એ વાત થી હું નારાજ છું સરકારે જવાબદાર સામે યોગ્ય પગલાં લેવા જોઈએ.

**કિશોર તાવિયાડ**



મારો અભિપ્રાય એ છે પેહેલો કે આજે છેલ્લા ૧૨-૧૩ વર્ષ થી આશાવર્કર બેનો ની ભરતી થઈ હતી ત્યારે ભારતીય જનતા પાર્ટી ની સરકાર હતી અને આજે ૨૭ વર્ષ થી એમનું રાજ ચાલે છે પણ જ્યારે જ્યારે નાના કર્મચારી ની વાત આવે ત્યારે એમના મુદ્દા ને કોઈ સાંભળવા તૈયાર નથી અને એમના મુદ્દા દબાવી દેવામાં આવે છે પહેલો મુદ્દો તો એ છે કે એમને મહેનતાણું ખૂબ ઓછું છે ૨૦૦૦-૨૫૦૦ જેટલુ કોઈ ફિક્સ પગાર ન મળે તો મારી માંગ એ છે કે સરકાર બને તો આ માગણી પૂરી કરવી જોઈએ

**રવિ ડામોર**



ઉમેદવાર સ્વચ્છ અને પોતાના વિસ્તારમાં લોકોને મળતો રહે જે-તે પક્ષને વફાદાર હોવા જોઈએ.

**રાજેન્દ્ર પારેખ**



ગુજરાતની ઈકોનોમી ભારત દેશની ઈકોનોમીમાં મુખ્ય ભૂમિકાઓ ભજવશે. ખાસ તો મોંઘવારી ઘટતી દેખાશે, શિક્ષણ અને મેડિકલ સેવાઓમાં વધારો થતો દેખાશે, રોડ રસ્તા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે આવાનારા પાંચ વર્ષ ખૂબ જ અસરકારક નિવડશે. ખાસ કરીને હિન્દુત્વના મુદ્દાઓ (હિન્દુ રાષ્ટ્ર)ના વિચાર કરી આવનારા ચૂંટણી પર્વમાં મતદાન કરવા હુ અપીલ કરૂ છુ.

**- વિજયભાઈ માલવી (બિલ્ડર)**



મોંઘવારી, સાફ-સફાઈ, ઘરે ઘરે ડસ્ટબીન, લાઈટ બીલ, સ્ટ્રીટલાઈટ, મકાનવેરો, પાણી વેરો આ બધા મુદ્દાઓને ધ્યાનમાં રાખીશ.

**- પ્રફુલ્લાબેન ભાવસાર**

શિક્ષણ, મેડિકલ, આરોગ્ય ફ્રી હોવુ જોઈએ, રોજગારી, ભ્રષ્ટાચાર, કોન્ટ્રાક્ટવાળી સરકારી નોકરીઓ બંધ કરવી અને બધાને કાયમી કરે.

**- મિતુલ રાવત (બિઝનેસમેન)**

સૌ પ્રથમ, પક્ષની છબી-પૂર્વે કરેલા કામો, સામાજીક જવાબદારી નીભાવવાની તાકાત અને દાનત, બીજુ, ઉમેદવારની જે-તે વિસ્તારમાં ઓળખ, જે-તે વિસ્તારમાં કરેલ સેવાકીય કામો, જે-તે વિસ્તારના ઉદ્ધાર માટે કઈ પણ કરી છૂટવાની તથા કોઈ પણ લેવલ સુધી લડી લેવાની દાનત. વોટીંગ વખતે આ બે મુદ્દા મારા માટે સૌથી અગત્યના રહેશે.

**- કવિતા ભાવિન કોટક (કે.કે. ચોકલેટ્સ)**

### ૧૮-૨૫ વર્ષના મતદારો રેવડી કલ્ચરની વિરૂદ્ધ

| વય | મોટો મુદ્દો |
|---|---|
| ૧૮ થી ૨૫ વર્ષ | પેપરલીક, મફતની સ્કીમોથી અર્થતંત્ર પર અસર, ભ્રષ્ટ્રાચાર, બેરોજગારી |
| ૨૬ થી ૩૫ વર્ષ | મોંઘુ શિક્ષણ, સરકારી શિક્ષણની ખરાબ હાલત, જીએસટીની ખામીઓ, જ્ઞાતિવાદ, વિકાસ |
| ૪૫ થી વધુ | મોંઘવારી, બેરોજગારી, વડીલો માટે ઓછી સુવિધા, પીવાના પાણીની સમસ્યા, રખડતા ઢોર, સ્વચ્છતાની કામગીરી, ટ્રાફિક સમસ્યા, સ્ટ્રીટલાઈટોની અવ્યવસ્થા, આરોગ્ય સુવિધાઓ, ભ્રષ્ટ્રાચાર |

# ચુંટણી કાર્યાલયો પર ચા-નાસ્તાની જ્યાફતોનો જામતો દૌર

**રાત્રે પાર્ટીના હોદ્દેદારો-કાર્યકરો અને સમર્થકોના જામતા અડ્ડા : ગરમાગરમ ચા-કોફી સાથે ભજીયાં, ગોટા, પાપડી, ગાંઠિયા, બટાકાપૌંવા જેવા વિવિધ નાસ્તાની બોલબાલા**

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈ ધમધમાટ ચાલી રહ્યો છે. રાજકીય પક્ષો દ્વારા તેમના ઉમેદવારોની પસંદગી પણ કરી દેવામાં આવી છે. ઉમેદવારો પણ ચૂંટણી મેદાને ઉતર્યા છે, ત્યારે સભા, રેલી, ડોર ટુ ડોર સહિતના પ્રચાર પાછળ ઉમેદવારો લાખો રૂપિયાનો ખર્ચ કરી દેતા હોય છે. ગાંધીનગરનાં હવે વિધાનસભાની ચુંટણીનો પ્રચાર વેગ પકડી રહ્યો છે. આ સમયે મતદારો અને કાર્યકરોને રિઝવવા માટે રાજકીય પક્ષોએ તેમના ચુંટણી કાર્યાલય પર ચા-નાસ્તાની વ્યવસ્થા કરવી જાણે ફરજિયાત બની ગયું છે. આ સંજોગોમાં શહેરમાં વિવિધ વિસ્તારમાં શરૂ થયેલાં ચુંટણી કાર્યાલયો પર રાત્રે પાર્ટીના હોદ્દેદારો-કાર્યકરો અને સમર્થકોના અડ્ડા જામે છે જયાં તેમને ગરમાગરમ ચા-કોફી સાથે ભજીયાં, ગોટા, પાપડી, બટાકા પૌંવા જેવા વિવિધ નાસ્તા પીરસવામાં આવી રહ્યાં છે.

વિધાનસભાની ચુંટણીઓ દરમ્યાન રાજકીય પક્ષો દ્વારા ચુટંણી પ્રચારને આક્રમક બનાવી દેવાયો છે. ડોટ ટુ ડોર ચુંટણી પ્રચાર સાથે સાથે રાજકીય પક્ષોના કાર્યાલયોમાં કાર્યકરોને એકઠાં કરીને જરૂરી સુચનાઓ આપવા કે રણનીતિ ઘડવા જેવી બાબતો માટે ચુંટણી કાર્યાલયો પર નિયમિત આવે તે માટે આકર્ષવા નાસ્તાની સુવિધા રાખવામાં આવે છે. કાર્યકરો પ્રચાર કરવા માટે જાય તે પહેલાં અને પ્રચાર કરીને આવે તે પછી કાર્યાલયોમાં નાસ્તાની રમઝટ જોવા મળે છે અને આ રમઝટ મોડી રાત સુધી ચાલે છે. હાલ ગાંધીનગરમાં ઉત્તર બેઠક પર ભાજપનું ચુંટણી કાર્યાલય સેક્ટર-૧૬માં પાટનગર યોજના ભવન નજીક, કોંગ્રેસનું ચુંટણી કાર્યાલય ઘ-૬ સર્કલ નજીક આરાધના સ્કૂલ સામે જ્યારે આમ આદમી પાર્ટી દ્વારા સેક્ટર-૧૧માં વિજય શોપિંગ સેન્ટર ખાતે ચુંટણી કાર્યાલય શરૂ કરાયાં છે. આ ચુંટણી કાર્યાલયો પર દરરોજ ચા-કોફી સાથે અલગ અલગ નાસ્તા પીરસાતા જોવા મળે છે જેમાં બિસ્કીટ, બટાકા પૌવા, સમોસા, ભજીયા, ગાંઠિયા, સેવખમણી, મેથીના ગોટા વગેરે જોવા મળે છે.




વિધાનસભાની ચુંટણીઓમાં મતદારોને આકર્ષવા ઉમેદવારો દ્વારા વિવિધ કિમિયા અજમાવવામાં આવતાં હોય છે. ગાંધીનગર ઉત્તર વિધાનસભાના આમ આદમી પાર્ટીના ઉમેદવાર મુકેશભાઈ પટેલ દ્વારા શહેરના સેક્ટર સેક્ટરે એક ટેમ્પો ફેરવવામાં આવી રહ્યો છે જેમાં આપના કાર્યકરો મતદાતાઓને આકર્ષવા પ્રયાસ કરતાં જોવા મળે છે.

# દરિયાઈ વેપારમાં એક નવો અધ્યાય ઉમેરાશે : વડાપ્રધાન

**નરેન્દ્ર મોદી અમરેલી ખાતે પહોચ્યા હતા : ગુજરાતમાં કૃષી વિકાસ દર માઈનસમાં હતો તે હવે અમારી મહેનતના કારણે બે અંકો સુધી પહોંચી ગયો છે**

અમરેલી, તા.૨૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રવિવારે અમરેલી ખાતે પહોચ્યા હતા. તેમણે ત્યા જનસભાને સંબોધન કર્યું હતું. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રચાર માટે પ્રધાનમંત્રી ગુજરાતના પ્રવાસે આવેલા છે. પ્રધાનમંત્રી રવિવારે અમરેલી જિલ્લામાં પહોચ્યા હતા. તે બાદ તેઓ વેરાવળ અને ધોરાજી પણ જવાના છે. ત્યા તેમણે એક સભાને સંબોધન કરતા કહ્યું હતુ કે, ‘અમરેલીમાં આવ્યા પછી એવુ લાગે છે, જાણે ઘરે આવ્યો છું. આપણા મુખ્યમંત્રી જીવરાજ મહેતા પણ અમરેલીના હતા. જેથી આપણા માટે એ ગર્વની વાત છે.

તેમણે વધુમાં કહ્યુ હતું કે, ‘અમરેલી જિલ્લો હવે દરિયાઈ વેપારનું ધમધમતું કેન્દ્ર બનવાની તૈયારીમાં છે. જે ઈતિહાસમાં એક નવો અધ્યાય જોડશે. મારો વિશ્વાસ કરો, ગુજરાતમાં કૃષી વિકાસ દર માઈનસમાં હતો તે હવે અમારી અમારી મહેનતના કારણે કૃષી વિકાસ દર બે અંકો સુધી પહોંચી ગયો છે.

પીએમ મોદીએ સવારે સોમનાથ મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. જે બાદ વેરાવળમાં જનસભા સંબોધવા પહોંચ્યા હતા. વેરાવળ જાહેર સભાને સંબોધ્યા બાદ ધોરાજી જવા રવાના થશે અને બપોરે એક વાગ્યાની આસપાસ ધોરાજીમાં જાહેર સભાને ગજવશે.

જ્યાંથી ૧:૪૫ એ અમરેલી જવા રવાના થશે અને ૨:૨૦ એ અમરેલી પહોંચશે. અહીં પણ તેઓ જાહેરસભાને સંબોધશે અને ૩:૩૦ એ બોટાદ જવા રવાના થશે.


૪:૩૦ એ બોટાદમાં જાહેર સભાને સંબોધશે અને ૫:૧૫ એ બોટાદથી અમદાવાદ એરપોર્ટ જવા રવાના થશે. ૬ વાગે અમદાવાદ એરપોર્ટ પહોંચશે અને અમદાવાદથી ગાંધીનગર રાજભવનમાં રાત્રી રોકાણ કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૩, ૨૪મીએ ફરી ગુજરાત પ્રવાસે આવશે અને બીજા તબક્કાની બેઠકો પર પ્રચાર કરશે. તેઓ ઉત્તર અને મધ્ય ગુજરાતની બેઠકો પર ઝંઝાવતી પ્રચાર કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસમાં કુલ ૮ સભાઓને ગજવશે. ૨૩મીએ ચાર બેઠકો પર પ્રચંડ પ્રચાર કરશે. મહેસાણા, દાહોદ, વડોદરા, ભાવનગરમાં સભા ગજવશે. ૨૪મીએ ચાર સ્થળોએ સભા ગજવશે. પાલનપુર, દહેગામ, માતર, અમદાવાદ ગ્રામ્યમાં સભા કરશે.

# બોટાદ સાથે મારો જનસંઘ સમયથી સંબંધ છે : મોદી

**બોટાદમાં પ્રધાનમંત્રી મોદીનો પ્રચંડ પ્રચાર : મીડિયા ભલે ગમે તે પોલ બતાવે પણ હું વિશ્વાસથી કહું છું કે પ્રજાએ પરિણામ નક્કી કરી લીધું છે : વડાપ્રધાન**



બોટાદ, તા.૨૦

ગુજરાતના ચૂંટણી પ્રચાર માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રવાસનો આજે બીજો દિવસ છે. વેરાવળ, અમરેલી, ધોરાજીની સભા પૂર્ણ કર્યા બાદ પ્રધાનમંત્રી બોટાદ પહોંચ્યા હતા. જ્યા તેમણે જંગી જનસભાને સંબોધી હતી. બોટાદ ઉપરાંત ભાવનગર અને અમદાવાદ જિલ્લાની વિધાનસભા બેઠકોને ધ્યાને રાખી આ સભાનું આયોજન કરાયુ હતું.

બોટાદમાં પીએમ મોદીએ કહ્યું કે, આજે હું સોમનાથ, વેરાવળ, ધોરાજી, અમરેલી થઈને બોટાદ આવ્યો છું. મીડિયા ભલે ગમે તે પોલ બતાવે પણ હું વિશ્વાસથી કહું છું કે પ્રજાએ પરિણામ નક્કી કરી લીધું છે. વિપક્ષોના ડબ્બા ગુલ થઈ જશે. ગુજરાતમાં ફિર એક બાર મોદી સરકાર આવશે. ગુજરાત અને ભાજપનો જુનો સંબંધ છે. એમાંય બોટાદ સાથે મારો જનસંઘ સમયથી સંબંધ છે. બોટાદે જનસંઘને સૌથી પહેલા નગરપાલિકામાં શાસન આપ્યું હતું.

પહેલા ચૂંટણી મુદ્દા ગોટાળા અને કૌભાંડ હતા, પરંતુ ભાજપે ચૂંટણીમાં વિકાસને મુદ્દો બનાવ્યો છે. ભાજપે દરેક પક્ષને આજે વિકાસના મુદ્દે રાજનીતિ કરવા મજબૂર કર્યા છે. બોટાદના લોકો લખી રાખે. બોટાદ, ધંધુકા, વલ્લભીપુર, ભાવનગર સહિતનો આખો પટ્ટો ઉદ્યોગોથી ધમધમવાનો છે.

તેમણે કહ્યું કે, લોકોની અપેક્ષા પર અમે ખરા ઉતાર્યા છે, એટલે આજે લોકો વધુ માંગી રહ્યાં છે. ભુપેન્દ્ર પટેલની સરકાર નવી નીતિઓ પર સતત કામ કરી રહી છે. ભાજપ જે સંકલ્પ લે છે, એને પૂર્ણ કરીને જ રહે છે. અગાઉ પાણીની સમસ્યા હતી, ત્યારે ત્યારે એક કહેવત હતી કે, દીકરીને બંદુકે દેજો પણ ધંધુકે ન દેજો.

આ ચૂંટણી ૫ વર્ષ માટેની નથી, આગામી ૨૫ વર્ષ કેવા હશે એ નક્કી કરનારી છે. હું તમને એક કામ સોંપું છું. ભૂતકાળમાં ન થયું હોય એવું વધુ મતદાન કરાવજો. દરેક બુથમાંથી મહત્તમ મતદાન કરવાનું છે. બહારથી આવેલા લોકો ફક્ત નકારાત્મકતા ફેલાવે છે. ગુજરાતના વિકાસને અટકાવનાર, ગુજરાતને ગાળો દેનાર ન જાકારો આપવાનો છે.

પ્રધાનમંત્રી સાથે મંચ ઉપર ગઢડા, બોટાદ, જસદણ અને ધંધુકા બેઠકના ભાજપના ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. બોટાદની સભા પૂર્ણ કરી પ્રધાનમંત્રી આજે રાતે ગાંધીનગર રાજભવનમાં રોકાણ કરશે.